આપણું પોતાનું અખબાર

કૂતરાની પૂંછડી પેઠે માણસનો સ્વભાવ કદી બદલાતો નથી
- શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૫ | ૪ જાન્યુઆરી, ૨૦૧૩, શુક્રવાર; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આગામી સપ્તાહે ગિફ્ટસીટીનું લોકાર્પણ

**ગાંધીનગરના પાદરમાં ૬૭૦ એકર જમીનમાં ૨૮ માળના બે ટાવર પૂર્ણ થયા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને નાણાંકીય સંસ્થાઓની સેવાઓ એક જ સ્થળેથી મળી રહે એવા ઉદ્દેશથી નિર્માણ પામી રહેલ ગિફ્ટસીટી વિકાસનું સીમાચિન્હ બનશે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર નજીક નિર્માણ પામેલ ગિફ્ટસીટીનું લોકાર્પણ આગામી સપ્તાહમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવશે.

ગુજરાતમાં ઉદ્યોગોના વધતા જતા વ્યાપને લઈ નાણાંકીય સેવાઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની એક જ જગ્યાએ સેવાઓ ઉપલબ્ધ બને તે માટે આ સીટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૬૭૦ એકર જમીન સંપાદન કરી સરકારે સંયુક્ત ક્ષેત્રમાં આ ગિફ્ટસીટીનું નિર્માણ કરેલ છે.

આ ગિફ્ટસીટીમાં હાલ બે ટાવરનું કામ પૂર્ણ થયું છે અને ત્યાં આંતરમાળખાકીય સુવિધાઓની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ૨૮ મજલા ધરાવતા આ બન્ને ટાવરો ગાંધીનગરની સૌથી ઊંચી ઈમારત બની રહેશે.

રાજ્યના પૂર્વ મુખ્ય સચિવશ્રી સુધીર માંકડના સીધા માર્ગદર્શન તળે આ ગિફ્ટસીટી નિર્માણની કામગીરી ચાલી રહી છે. વાયબ્રન્ટ સમીટના પ્રારંભ પૂર્વે આ બન્ને ટાવરોના લોકાર્પણનો કાર્યક્રમ યોજવામાં આવશે.

એક અંદાજ મુજબ આ ગિફ્ટસીટીમાં ૫૦ હજાર લોકોને રોજગારીની તક પ્રાપ્ત થશે. આ ટાવરોમાં ગુજરાત ખાતેના તેમજ ગુજરાત બહારની કંપનીઓની રજીસ્ટર્ડ ઓફિસો કાર્યરત થશે. આ ઉપરાંત વિવિધ નાણાંકીય સંસ્થાઓ પણ તેમની કચેરીઓ અહિ કાર્યરત કરનાર છે.


પહેલાં રાજ્ય સરકારે ગાંધીનગરમાં ટ્રેડ સેન્ટર બનાવવાનો નિર્ણય કરી સે. ૧૧માં જગ્યાની ફાળવણી કરી હતી. પરંતુ ઉદ્યોગગૃહો દ્વારા તેનું નિર્માણ કાર્ય હાથ ધરાયુ ન હોવાથી સરકારે હવે આ જમીન પાછી લેવાની કામગીરી હાથ ધરી દીધી છે અને હવે ગીફ્ટસીટીમાં જ આ સંસ્થાઓએ પોતાની ઓફિસો કાર્યરત કરવી પડશે.

આ ગિફ્ટસિટીને મેટ્રોરેલથી જોડવા ઉપરાંત એરપોર્ટ સાથે સીધી કનેક્ટીવીટી માટે બ્રીજ બનાવવાની કામગીરી હવે હાથ પર લેવામાં આવશે. આ ઉપરાંત કોબા સર્કલથી એરપોર્ટના માર્ગને એક્સપ્રેસ વે બનાવવાની કામગીરી પણ હાલ પુરજોશમાં ચાલુ છે. આમ વાહન-વ્યવહાર સરળ બનશે.

સંયુક્ત ક્ષેત્રમાં નિર્માણ પામેલ આ ગિફ્ટસીટીમાં હાલ બે ટાવરોનું નિર્માણ કરાયું છે અને આ બન્ને ટાવરો ફુલ થતાં વધુ બે ટાવરોનું કામ હાથ ધરવામાં આવશે. આ માટેના આયોજનની પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું આ સ્વપ્ન હતું અને તે આ વાયબ્રન્ટ પૂર્વે પૂર્ણ થશે. આ વખતના વાયબ્રન્ટ સમીટમાં આ ગિફ્ટસીટી જ આકર્ષણનું કેન્દ્ર હશે. આ ગિફ્ટસીટીના નિર્માણમાં બે વર્ષ જેટલો સમય લાગ્યો છે.

## વાયબ્રન્ટ સમિટ-૨૦૧૩ની કડામાર તૈયારી....







(તસવીર : દિપક જાની)

હર હાથ કો કામ..નું સૂત્ર એ હવે વાસ્તવિકતા બની પાટનગરમાં ઉભરી રહ્યું છે...

વાયબ્રન્ટ સમીટ જ્યાં યોજાનાર છે તે મહાત્મા મંદિર ખાતે પણ તેને શણગારવાની કામગીરી સાથે સાથે તૈયારીઓને આખરી ઓપ આપવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મહાત્મા મંદિરના કન્વેશન હોલની બાજુમાં સોલ્ટ માઉન્ટના નિર્માણ તેમજ આ કન્વેશન હોલમાં જવા માટેનો આકર્ષક ગેટ તૈયાર કરવાની કામગીરી પણ હાલ ચાલુ છે. જે આગામી બે થી ત્રણ દિવસમાં જ પૂર્ણ કરી દેવામાં આવશે. ગાંધીનગરને તો હાલ જે રીતે વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ ચાલી રહી છે તેમાં ૨૪ કલાકનો દિવસ પણ ઓછો પડી રહ્યો છે અહિ માત્રને માત્ર કામ જ બોલે છે.

## જિલ્લામાં ગ્રામસભા અભિયાનને નબળો પ્રતિસાદ

**બે દિવસમાં ૭૫ ગ્રામસભાઓમાં માત્ર ૬૧૩૭ ગ્રામજનોની હાજરી : માત્ર ૪૭ પ્રશ્નો જ રજુ કરાયા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૧લી જાન્યુઆરીથી શરૂ થયેલી ગ્રામસભા અભિયાનને નબળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. બે દિવસમાં જિલ્લામાં ૭૫ જેટલી ગ્રામસભાઓ સંપન્ન થઈ છે. જેમાં ૬૧૩૭ વ્યક્તીઓએ હાજરી આપી છે જે નબળો પ્રતિસાદ બતાવે છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોની સંખ્યા પણ ૪૭ જ છે અર્થાત્ એક પ્રશ્નની પણ સરેરાશ આ ગ્રામસભામાં નોંધાઈ હતી. રજુ થયેલા ૪૭ પ્રશ્નો પૈકી ૩૮ પ્રશ્નોનો સ્થળ પર જ ઉકેલ લાવવામાં આવ્યો છે જ્યારે ૯ પ્રશ્નો પડતર રહેવા પામ્યા છે.

બપોરે ૩ વાગ્યાથી શરૂ થતા આ અભિયાનમાં લોકોની ઓછી હાજરી અને ઉદાસીન વલણે તંત્રની મૂંઝવણમાં વધારો કર્યો છે. જો કે આ ગ્રામસભાઓમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના લેબર બજેટને બહાલી આપવાની મહત્વની કામગીરી કરવામાં આવી રહી છે.

મળતી વિગતો મુજબ ગ્રામવિકાસને લઈ ગ્રામીણ પ્રજાની ઉદાસીનતા જે જોવા મળી રહી છે તેને લઈ તંત્ર મુંઝવણ અનુભવી રહ્યુ છે. આ ગ્રામસભામાં લેબર બજેટ ઉપરાંત વિવિધ વિકાસ યોજનાઓ અંગે પણ ચર્ચાઓ કરવામાં આવે છે. જો કે ગ્રામજનોનું કહેવું છે કે ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નોના ઉકેલ માટે તંત્ર દ્વારા કોઈ સકારાત્મક અભિગમ દાખવવામાં આવતો નહિ હોવાથી લોકોએ હવે તેમની લાગણીઓની અભિવ્યક્તી બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

આ ગ્રામસભા અભિયાન ૧૦મી જાન્યુઆરી સુધી ચાલવાનું છે. આ ગ્રામસભા અભિયાન માટે ૪૦ જેટલા લાયઝન અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે. જો કે ઓક્ટો. માસમાં આ અભિયાન યોજવામાં આવનાર હતુ પરંતુ ચૂંટણીઓ જાહેર થતાં તેમાં વિલંબ થયો છે.


### જાહેર હરાજી

આથી રસ ધરાવતા તમામને **S.M.C.** સ. પ્રા. શાળા, આદિવાડા (ગાંધીનગર શહેર) દ્વારા જણાવવાનું કે, સ. પ્રા. શાળા, આદિવાડાના જર્જરિત ઓરડા રૂમ નં. ૧ થી ૪ અને મધ્યાહન ભોજન શેડ વિલાયતી નળિયાવાળા જર્જરિત મકાન - કાટમાળ સહિતની જાહેર હરાજી તા. ૧૧/૧/૨૦૧૩ (શુક્રવાર)ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. જેની અંદાજિત (અપસેટ વેલ્યૂ) ૯૩,૯૦૦ (ત્રાણું હજાર નવસો રૂપિયા પુરા) રાખેલ છે. બોલી અને શરતો સ્થળ પર જાહેર કરવામાં આવશે. રસ ધરાવતા તમામે સમયસર હાજર રહેવું.

સહી/-
**S.M.C.**
આદિવાડા પ્રા. શાળા, ગાંધીનગર, સે. ૨૮


## જિલ્લાના ૫૯ ગામોમાં ૮ આની ઉત્પાદન નોંધાયું

**જિલ્લામાં આનાવારીમાં તારણ ૨૦૨ ગામોમાં ૮ આનીથી ૧૧ આની ઉત્પાદન થયું : પાણી અને ઘાસચારાની તકલીફ ઉભી નહિ થાય**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના માત્ર ૫૯ ગામોમાં આઠ આની પાક ઉત્પાદન નોંધાયું છે, જ્યારે ૨૦૨ ગામોમાં આઠ આનીથી અગિયાર આની જેટલુ ઉત્પાદન નોંધાતા તંત્રએ હાશકારો સાથે રાહતનો દમ લીધો છે.

અનિયમિત ચોમાસા વચ્ચે દુષ્કાળના ઓછાયા જિલ્લા પરથી દૂર થયા છે. આજે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપ દ્વારા જિલ્લાની આનાવારીનો અહેવાલ રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આનાવારી અને વરસાદના આંકડાઓને ધ્યાને રાખી દુષ્કાળની સ્થિતિ અંગે તંત્ર દ્વારા તેની જાહેરાત કરવામાં આવતી હોય છે. સર સયાજીરાવ ગાયકવાડના કાળથી આ પ્રથા અમલમાં છે. જો કે આનાવારીના માપદંડમાં બદલાવ લાવવા માટે વારંવાર સરકાર કક્ષાએ વિચારણા હાથ ધરાયા બાદ તેમાં હજુય કોઈ બદલાવ આવ્યો નથી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે આનાવારીનો અહેવાલ તૈયાર થયો છે તેમાં ચાર આનીથી છ આનીની વચ્ચે એક પણ ગામ આવતુ નથી. જ્યારે છ આનીથી ૮ આની વચ્ચે ૫૯ ગામો આવે છે.

મહેસુલી તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ચાર આનીથી છ આની વચ્ચે પાક ઉત્પાદન હોય તો આછતની સ્થિતિ જાહેર કરવાની થાય. જિલ્લામાં આવેલી ઊંચી આનાવારીને કારણે દુષ્કાળના ઓછાયા દૂર થયા છે.

● અનુસંધાન પાન-૭ પર











